# દિવો લઇ દશામાંને ગોતું Divo Lai Dashamane Gotu Lyrics in Gujarati

ચોય ગોતુ માં મઢડો તારો
ચોય ખોળુ માં મઢડો તારો
દીવો લઇ ને ગોતુ દશામાં માડી

ડુંગરે ડુંગરે ફરતી માડી
હોમે મળે એને પૂછતી માડી
કોઈ બતાવો ધામ રે દશામાં માડી

દીવાહા નો દાડો માડી
વર્ત લીધા મેં તારા માડી
પાટે માં પધારો દશામાં માડી

ચોય ગોતુ માં મઢડો તારો
ચોય ખોળુ માં મઢડો તારો
દીવો લઇ ને ગોતુ દશામાં માડી
હે માડી દીવો લઇ ને ગોતુ દશામાં માડી

હે પાવાગઢ જઈને કીધું મહાકાળી માતને
જોયા હોતો કેજો મારી ભોળી દશા માતને
ભારતલીરીક્સ.કોમ
હો મહાકાળી માયે કીધુ હમણા ઓચાથી નીકળ્યા
હોઢણી સવાર થઇ ગબ્બર ગોખે ઉતર્યા

દોતાં કેરા ડુંગરે જોયું ગબ્બર કેરા ગોખે જોયું
ચોયના ના દેખાણા દશામાં માંડી
અંબે માં એ એવું કીધું સરનામું માયે હાચુ કીધું
મોરાગઢમાં બેઠા દશામાં માંડી

ચોય ગોતુ માં મઢડો તારો
ચોય ખોળુ માં મઢડો તારો
દીવો લઇ ને ગોતુ દશામાં માડી
હે માડી દીવો લઇ ને ગોતુ દશામાં માડી

મોરાગઢ મઢડે જોયું માંડી ના દેખાણા
ભરોષો હતો મારા લેખમાં લાખાણા
થાકી આઈ ઘેર જોયા ઓગણે અજવાળા
પાટે જોયા શામાં સાંઢણી વાળા

સતનો દીવો જળતો જોયો
પ્રગટ માંનો પરચો જોયો
પાટે માં પધાર્યા દશામાં માંડી

હે દશ દાદા મેં વર્ત કર્યા

ધન ના માચે ભંડાર ભર્યા
દિન દયાળી દેવી દશામાં મારી

દશા માચે દયા કરી આશા મારી પુરી કરી
પાટે માં પધાર્યા દશામાં માંડી
હે માંડી પાટે માં પધાર્યા દશામાં માંડી.

*More Lyrics from [Jhankar Music]()*

BHARAT lyrics